શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

ઑગસ્ટ - ૨૦૦૬'

## સુખી થવાની ચાવી

કલાઉદે' કોલબર્ત સુખની વ્યાખ્યા આપતાં કહે છે : ''સુખ એટલે ખરાબ યાદદાસ્ત અને સારી તુંદરસ્તી'' આનો મર્મ સમજવા જેવો છે. આપણે માનવી, મન અને શરીરના બનેલા છીએ. જીવનમાં હજારો - લાખો બનાવો બને છે. બધું જ જો મનમાં ભરી રાખીએ તો ભાર વધી જાય અને આપણે ભાંગી પડીએ, પરંતુ જો આપણી યાદશક્તિ ખરાબ હોય, એટલે કે કેટલુંક આપણે ભૂલી જઈ શકીએ, તો હળવા રહી શકીએ અને સુખી રહી શકીએ અને તંદુરસ્તી સારી હોય તો જ સુખસગવડોનો ઉપભોગ કરી શકીએ. એટલે જ, હેપિનેસ ઈઝ બેડ મેમરી એન્ડ ગુડ હેલ્થ.

- સંકલન

# Shree Balasinor Navyuvak Sangh Organize
# Jansathi Trophy Cricket Tournament Year – 2006-07
# Cricket Tournament Year 2006-07

## Rules & Regulation :

1. Last Date of Entry 25-08-2006 (Friday)
2. Forms will be available from following places
   a) B.N.S. Office **(Office hours)**
   b) Samir R. Desai C/o. Impex Agencies : 101/Nagdevi Street, Mumbai-3
   c) Jatin N. Desai C/o. Sujati Electrical Enterprise, 42, Babu Ganu Rd., Mumbai-2

3 Players who are born on before 1-1-1991 will only be eligible to participate

4 On first come first serve basis 128 Players will be pick for Tournament

5 Entry fee will be **Rs. 250.00 for 2 Matches** the team reaches in semi final & final will have to Pay **Rs. 150.00 per match Extra.**

6 Arrangement for the Lunch will be made during each matches for the players & the Umpires.

7 All participants have to come on the ground at **9.45 A.M.** sharp **After 10.15 A.M.** players will not be allowed to play the match.

8 Players will not be allowed to leave the ground without taking permission of captain or the Organizing Committee Members.

9 **Cricket gears should be all in white** (Uniform, Shoes & Shocks) otherwise will not be allowed to play.

10 Umpire's Decision will be final during all matches.

11 All matches be of 40 overs duration, if the runs will be same run rate will be counted to choose the winner

12 Any bowler will be allowed to bowl 9 overs per game.

13 **Please fill up your forms in all respect like your capability, Tel No. (Res. & Office Mobile) etc.**

14 If any players who leaves the ground for unavoidable circumstances, he has to returned to the ground within 2 hrs. & he has inform to captain for leaving the ground.

15 B.N.S. got all the right to change in above rules & regulation.

16 Matches may be organized on working days also

17 All forms will be accepted as per the bye-laws of the Shree Balasionr Navyuvak Sangh.

***Convener - – Rupin P. Kadakia Cell No. - 9819066173***

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૫ | ૧૪-૮-૨૦૦૬ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# ગાંધીજીના સમકક્ષ નારાયણ મુર્તિ

**તંત્રી સ્થાનેથી**

માનવીના જીવનનો એક પ્રસંગ માણસને કેવો બદલી નાખે છે અને પછી એ એક માનવી દુનિયા કેવી રીતે બદલી નાખે છે. એ વાત ગાંધીજીના જીવન પ્રસંગ દ્વારા આપણે સૌ જાણીએ છીએ. આજે વાત કરવી છે બીજા એક મહામાનવની, ઈન્ફોસીસના નારાયણ મુર્તિની. જેમ ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં ટ્રેનમાંથી ઉતારીને એક ગોરા ઓફિસરે એમના મનમાં ક્રાંતિના બીજ રોપેલા એવી જ રીતે મૂર્તિને પણ બલગેરીયાની એક ટ્રેનમાંથી ઉતારીને ત્યાંના ઓફિસરે પાક્કા સામ્યવાદીમાંથી સમાજવાદી-મુડીવાદી બનાવ્યા અને આપણને મળી ઈન્ફોર્મેશન ટેકનોલોજીની ક્રાંતિ. ૨૫ વર્ષમાં માણસને દુનિયાના આઈ.ટી. ક્ષેત્રના પ્રથમ સ્થાન ઉપર પહોંચાડી દેનારા, ૫૪,૦૦૦ લોકોને નોકરી આપનારા, પગાર સાથે કંપનીના માણસોને તેના શેરો પણ આપી એમને કંપનીમાં ભાગીદાર બનાવી મૂડીવાદને સામ્યવાદનો નવો રંગ આપનારા મુર્તિ આજે ૫૮ વર્ષની વયે કંપનીના કાયદા અનુસાર રીટાયર્ડ થયા છે. ત્યારે ગાંધીજી જેવું જ સાદુ જીવન જીવનારા, ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા કરોડો રૂપિયા સમાજ માટે વાપરનારા મુર્તિનુ જીવન બદલનાર એ પ્રસંગ આજે આપને કહેવો છે.

મુર્તિના પિતા એક સ્કુલ ટીચર હતાં. ૧૭૦ રૂપિયાનો ટુંકો પગાર મુર્તિની આઈ.આઈ.ટી.માં ભણાવવા માટે ટુંકો પડયો, પણ મૈસુરની બીજી

કોલેજમાંથી એન્જીનીયર થઈને મુર્તિ માસ્ટર્સ કરવા કાનપુર આઈ.આઈ.ટી.માં પહોંચ્યા અને ત્યાંથી ભણીને ૨૫ વર્ષની વયે ફ્રાંસ પહોંચ્યા. ત્યાર પછીની વાત આપણે મુર્તિના પત્ની સુધાબેનના મોઢે જ સાંભળીએ.

શ્રી મૂર્તિની ઉંમર ત્યારે પચીસેક વર્ષની હશે. ખૂબ જ શરમાળ અને આદર્શવાદી યુવાન! ફ્રાંસમાં 'સેસા' નામની કંપનીમાં તેઓ નોકરી કરતા હતા. પેરિસના નવાનકોર 'ચાર્લ્સ-દ-ગોલ' એરપોર્ટ પર વિમાનોમાં આવતા સામાન અંગેના સોફ્ટવેર બનાવવાનું તેમનું કાર્ય. તે જમાના પ્રમાણે પગાર ઘણો સારો હતો. અત્યંત આદર્શવાદી હોવાને કારણે, જરૂરિયાત પૂરતાં નાણાં પોતાની પાસે રાખીને શ્રી મૂર્તિ અન્ય પૈસા પછાત દેશો માટે કાર્યરત હોય તેવી વિવિધ સંસ્થાઓને દાનમાં મોકલી દેતા. આવી જ સામ્યવાદી વિચારસરણીએ તેમને ભારત પરત આવવા પ્રેર્યા.

તમને જાણીને કદાચ નવાઈ લાગશે કે પેરિસથી મૈસૂર (પોતાને વતન) પાછા આવતાં, કાબૂલ સુધી તેઓ મોટે ભાગે ચાલતા અથવા કોઈ અજાણ્યા પ્રવાસીઓની ગાડીઓમાં લિફ્ટ લઈને તથા ભાગ્યે જ ટ્રેનમાં આવ્યા હતા. તે વખતે તેમને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે આ પ્રવાસ તેમના વિચારોમાં આમૂલ પરિવર્તન લાવશે!

શિયાળાની વહેલી સવાર હતી. યુરોપના બે સામ્યવાદી દેશો યુગોસ્લાવિયા અને બલ્ગેરિયાની સરહદે 'નીસ' નામના ગામમાં તેઓ પહોંચ્યા. ઈટાલીથી વિવિધ પ્રવાસીઓની ગાડીમાં તથા ઘણુંખરું ચાલતા જ તેઓ અહીં આવી પહોંચ્યા હતા. રસ્તામાં જ તેમને ખ્યાલ આવી ગયો હતો, કે સામ્યવાદી દેશમાં ઠેરઠેર ચેકિંગ, પૂછપરછ થતાં હોવાથી નીસથી બલ્ગેરિયાની રાજધાની 'સોફિયા' શહેર સુધી પહોંચવા માટે ટ્રેનની ટિકિટ કઢાવવી જ બહેતર રહેશે. તે સ્ટેશન પહોંચ્યા. ટ્રેન આવ્યા પછી બે કલાકે તો ઊપડી, કારણ એટલું જ કે એકેક પ્રવાસીઓના ઈમીગ્રેશન કાગળો-પાસપોર્ટ વગેરેનું લંબાણપૂર્વક ચેક્ગિ કરવામાં આવ્યું - સામ્યવાદની બલિહારી! શ્રી મૂર્તિ પોતાના કંપાર્ટમેન્ટમાં એકલા જ હતા. તેમના જેવી શાંત, શરમાળ તથા અંતર્મુખી વ્યક્તિને તો ભાવતું'તું ને વૈદે કીધું' જેવો ઘાટ થયો. શાંતિથી ખૂણામાં બેસીને પોતાનું પુસ્તક કાઢીને તેમણે વાંચવા માંડયું.

ટ્રેન ઊપડવાની તૈયારી હતી ત્યારે જ એક પાતળી, ઊંચી, સોનેરી ઝૂલફાંવાળી રૂપાળી લલના તેમના કંપાર્ટમેન્ટમાં પ્રવેશીને તેમની બાજુમાં બેસી ગઈ. પણ મૂર્તિ જેનું નામ! પુસ્તકમાંથી ઊંચુ પણ ન જોયું. પેલી છોકરી પણ ગાંજી જાય તેવી ન હતી. સ્ત્રી માટે તો કહેવાયું જ છે ને, 'સ્ત્રીણાં અશિક્ષિતં પટુત્વં।' કોઈ પણ દેશની સ્ત્રીને ચૂપ રહેવું પડે તે તો સજા લાગે ! ખરુંને બહેનો? તે રૂપાળી છોકરીએ સામેથી જ વાતો કરવાની ચાલુ કરી. વાતવાતમાં તેને ખબર પડી કે શ્રી મૂર્તિ ભારતીય છે. તે જમાનામાં ભારતમાં પણ સામ્યવાદના લાલ વાવટા ફરકતા હતા, તેથી બંને વચ્ચે ગરમાગરમ રાજકીય ચર્ચા ચાલુ થઈ ગઈ. ધીમેધીમે ચર્ચાનું સ્થાન અંગત વાતોએ લીધું.

છોકરી કહે, 'હું બલ્ગેરિયાની રાજધાની 'સોફિયા' શહેરની છું. અમારી સરકાર તરફથી 'કીવ યુનિવર્સિટી'માં પી.એચ.ડી. કરવા માટે મને સ્કોલરશીપ મળી હતી. ત્યાં ભણતાં ભણતાં હું પૂર્વ

જર્મનીના એક છોકરાના પ્રેમમાં પડી. અમે બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું.'

મૂર્તિને પણ વાતમાં હવે રસ પડયો. 'તો પછી શું થયું? સરકારે વાંધો લીધો?'

છોકરી કહે, 'અરે, લગ્ન કર્યા એ જ પ્રોબ્લેમ થયો. અમારા દેશમાં લગ્ન કરવા હોય તો સરકારની પરમિશન લેવી પડે. એ પણ લીધી. પછી સરકારે એવો ફતવો બહાર પાડયો, કે મારે પી.એચ.ડી. પતાવ્યા પછી બલ્ગેરિયામાં જ અમુક વર્ષ કાઢવાં પડે. મારા પતિને હજુ તો ભણવાનું બાકી છે. પૂર્વ જર્મનીમાં નોકરી પણ છે. તેથી કેટલાય વખતથી તે ત્યાં રહે છે અને હું અહીં. દર છ મહિને ફક્ત એક જ વાર તેમને મળી શકું છું. છ મહિને તે એક વાર આવે. સોહામણા લગ્નજીવનનું અમારું સ્વપ્ન, આ કઠોર સામ્યવાદી સરકારના નિષ્ઠુર કાયદાએ વેરવિખેર કરી કાઢયું છે! મૂર્તિ જેવા એક અજાણ્યાની સાથે વાત કરતાંય છોકરી લાગણીશીલ બની ગઈ. તેની આંખમાં ઝળઝળિયાં જણાયાં.

છોકરીની આ વિકટ પરિસ્થિતિ જાણીને મૂર્તિને પણ લાગી આવ્યું. તેમનાથી બોલ્યા વગર ન રહેવાયું. 'આ તે કેવી સરકાર! મૂડીવાદ હોય કે સામ્યવાદ - લગ્ન, નોકરી તથા લાગણીની અભિવ્યતિ જેવી અંગત બાબતો પર તો માણસનો પોતાનો જ અધિકાર હોય ને?! '

એ છોકરીની બાજુમાં ક્યારનોય એક છોકરો આવીને બેઠો હતો. બે-ત્રણ વખત તેણે પણ આ ચર્ચામાં ભાગ લેવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ વાતો ફ્રેંચમાં ચાલતી હતી તેથી તેને ખાસ સમજણ પડતી નહોતી. થોડી જ વારમાં તે છોકરો બે યુનિફોર્મધારી, હટ્ટાકટ્ટા પોલીસમેનને લઈ આવ્યો. બેમાંથી એક ઑફિસરે મૂર્તિને કોલરમાંથી પકડીને રીતસર ખેંચ્યા. બીજો પોલીસ પેલી છોકરીને બાવડેથી ઝાલીને ચાલતો થયો. સ્ટેશન આવ્યું એટલે મૂર્તિને ટ્રેનમાંથી પરાણે ઉતારીને પ્લેટફોર્મ પર એક નાનકડી કોટડીમાં લોક કરી દીધા. કોટડીય કેવી! નામ પૂરતી જ બારી તથા ખૂણે એક ગંધાતી ચોકડી! સંડાસ ગણો કે બાથરૂમ-ઠંડી તો કહે મારું નામ....આ પરિસ્થિતિમાં પણ મૂર્તિને પેલી છોકરીની ચિંતા થઈ. તેમને તરત ખ્યાલ આવ્યો,કે આ જડ સામ્યવાદી દેશમાં નાગરિકોના હક્ક તથા ફરજોની ચર્ચાએ જ તેમને આ પરિસ્થિતિમાં મૂકી દીધાં હતાં.

'મારી ભૂલ ક્યાં થઈ? ક્યાં સુધી મને આ લોકો આમ ગોંધી રાખશે? મારા ભવિષ્યનું શું? આ લોકો આ કાળકોટડીમાં મને મારી નાખશે તો મારા કુટુંબીજનોને ક્યારેય ખબરેય નહીં પડે!' મૂર્તિને મૈસૂરનું પોતાનું ઘર યાદ આવ્યું. બાપુજી હમણાં જ રિટાયર થયા હતા. તેમને લકવાનો ઍટેક આવ્યો હતો. ત્રણ બહેનો પરણાવવી બાકી હતી. ગાત્રો થીજી જાય તેવી ઠંડીમાંય તેમને શરીરે પરસેવો થઈ ગયો. મિનિટોના કલાકો થયા. પાસપોર્ટ સાથે ઘડિયાળ પણ પેલા ઑફિસર ખેંચી ગયા હતા. નેવુ કલાકથી પેટમાં અન્નનો દાણો ગયો ન હતો! યુગયુગ જેટલો સમય વીત્યા પછી એક ઑફિસર એ કોટડીમાં આવ્યા. ફરીથી મૂર્તિને ઘસડીને પ્લેટફોર્મ પર લાવવામાં આવ્યા. જોડે એક સિક્યુરિટી ગાર્ડને બેસાડવામાં આવ્યો. ટ્રેન આવી. મૂર્તિની સાથે એ સિક્યુરિટી ગાર્ડ પણ ચઢયો!

'તમારો પાસપોર્ટ તમને ઈસ્તમ્બૂલ પહોંચ્યા

પછી જ આપવામાં આવશે-' ભારેખમ અવાજે પેલો ઑફિસર બોલ્યો.

'પણ મારી ભૂલ શી હતી?'

'તમે સરકાર વિરુદ્ધ એક હરફ પણ કેમ ઉચ્ચાર્યો? એ જ તમારી ભૂલ. અને હા......પેલી છોકરી કોણ હતી?' ઑફિસરે પૂછયું.

'એ તો મારી જેમ પ્રવાસી જ હતી.'

'તો તેણે આ બધું ડહાપણ ડહોળવાની શી જરૂર?'

'સર, અમે તો ફક્ત ચર્ચા કરતાં હતાં. એમાં શો વાંધો?'

'અમારા દેશમાં એ બધી ચર્ચાઓને કોઈ સ્થાન નથી, સમજ્યા? ઈટ ઈઝ અગેઈન્સ્ટ અવર રૂલ.'

'સાહેબ, પેલી છોકરીનું શું થયું?'

''એ માથાકૂટમાં તમે ન પડતા. અમે તમારો પાસપોર્ટ ચેક કર્યો. તમે ભારતના છો એટલે જ બચી ગયા છો. ભારત મિત્ર દેશ છે.(એ જમાનામાં ભારતમાંય સામ્યવાદી વિચારસરણી જોરમાં હતી) હવે શાંતિથી ચાલતી પકડો.'' આટલું કહીને ઑફિસરે શ્રી મૂર્તિના કંપાર્ટમેન્ટનું બારણું સજ્જડ બંધ કરી દીધું.

ટ્રેન ઊપડી. નેવું કલાકથી મૂર્તિએ કાંઈ ખાધું ન હતું. સખ્ખત થાક અને ઊંઘ ભેગાં થયાં હતાં, પરંતુ મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલુ જ હતું. આજ સુધી મૂર્તિ પાકા સામ્યવાદી હતા. કાર્લ માર્ક્સ, લેનિન, માઓ અને હો ચીન મીનના વિચારોના પુરસ્કર્તા હતા. પેરિસની રોડ સાઈડ કેફેમાં બેસીને, કોફીની ચુસ્કીઓ લેતાં લેતાં, ભરેલા પેટે તેમણે સામ્યવાદની અગણિત ચર્ચાઓ કરી હતી. છેલ્લા ચાર દિવસના અનુભવે તેમના વિચારોમાં આમૂલ પરિવર્તન આવ્યું હતું. બીજાની વિચારસરણીને જ્યાં સ્થાન જ ન હોય તેવી આ જડ વ્યવસ્થા પર તેમને ભયંકર નફરત થઈ ગઈ. અરે, વાણીસ્વાતંત્ર્ય જેવા મૂળભૂત માનવઅધિકાર પર તરાપ મારે તેવા સામ્યવાદને શું કરવાનો? મૂર્તિને એ વખતે જ સમજાઈ ગયું કે લાલ ઝંડાવાળા ઝૂલુસો અને યુનિયનોના લીડરોના ભાષણોથી ભારતની ગરીબી કદીયે દૂર નહીં થાય. તે માટે તો વધુ ને વધુ નોકરીની તકો ઊભી કરવી પડે.

શ્રી મૂર્તિએ એ મિનિટે જ મગજમાંથી સામ્યવાદને કાયમ માટે ખંખેરી કાઢયો. મનોમન નક્કી કર્યું, કે મૂડીવાદી રસ્તે જ, પરંતુ નીતિમત્તાથી ભારતની ગરીબી હટાવવામાં મારો નાનોશો ફાળો આપીશ.

ભારત પરત આવ્યા પછી તેમણે બે-ત્રણ નોકરીઓ બદલી. પોતાની સોફ્ટટ્રોનિક નામની કંપની પણ સ્થાપી. પટણી કોમ્પ્યુટર્સમાં સોફ્ટવેર ડિપાર્ટમેન્ટના હેડ બન્યા, પરંતુ દિલમાં સોફ્ટવેર એક્સપોર્ટની કંપની સ્થાપવાનું અને હજારોને નોકરી આપવાનું સ્વપ્ન ભંડારાયેલું જ હતું.

અંતે એ સપનું સાકાર કરવા સુધાબેનની ૧૦,૦૦૦ ની મૂડી અને બીજા છ મિત્રો સાથે મળીને તેઓએ ઈન્ફોસીસ નામની કંપની શરૂ કરી. પાક્કા સામ્યવાદી મૂર્તિ હવે સમાજવાદી મુડીવાદી પછીનો ઈતિહાસ તો આપણે સૌ જાણીએ છીએ.

પરંતુ પૈસો તેઓને બદલી ન શકયો. કંપનીમાં તેઓ પણ બીજા બધાની જેમ જમવા માટે લાઈનમાં ઉભા રહેતાં. પ્રથમ સ્કુટર પર અવરજવર કરનારા

મૂર્તિની ગાડી પણ બીજા બધાની જેમ કંપનીના ગેટ ઉપર સિક્યોરીટી ચેક કરાવતી.

વિમાનની મુસાફરી પણ તેઓ ઈકોનોમી ક્લાસમાંજ કરતાં અને જ્યાં કંપનીના ગેસ્ટ હાઉસ હોય ત્યાં ફાઈવસ્ટાર હોટલ છોડીને એમાંજ ઉતારો કરતાં કંપનીએ નક્કી કરેલી નોકરીની લાયકાતોના ધોરણને પણ તેઓ સાચવતાં. પોતાની બેનનો છોકરો જ્યારે એ ધોરણાંથી નીચો નીવડયો ત્યારે તેઓએ ત્યાં એને નોકરી નાજ મળી. કંપનીના માણસોને કંપનીના શેર (પગારને બદલે) આપવાની શરૂઆત તેઓએ જ કરી પછી માણસો પોતાની કંપની માટે ખુન પસીનો વહાવે જ ને. આજે એમના ઝાડુ વાળાઓ પણ શેર ખરીદીને લાખોપતિ થઈ ગયા છે. પોતે કંપનીમાંથી લાખો રૂપિયાનો પગાર મેળવે છે પરંતુ એક સામાન્ય માનવની જેમ મીડલક્લાસ એરીયામાં સાદગીથી જીવે છે. આજે પણ ઘરની રસોઈ તેઓના પત્ની સુધાબેન જાતેજ બનાવે છે. નાનપણથી છોકરાઓને પણ એજ સ્વાશ્રયના પાઠ ભણાવ્યા છે. દીકરી અક્ષતાને મ્યુઝીક કાર્યક્રમમાં જર્મની જવાના પૈસા ગામડાની એક સંસ્થામાં સેવા આપ્યા પછી જ મળ્યા. પત્ની સુધાબેન ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા આખા દેશમાં લાખો જરૂરિયાતમંદોને જાતે ફરીને મદદ કરે છે અને હવે મૂર્તિ પણ એમા જોડાઈને પોતાની સેવા આપવાનો ઈરાદો ધરાવે છે.

શું આ જીવન પરિવર્તન, આદર્શ, સાદગી, લોકો માટેની કરુણા મુર્તિને ગાંધીજીની સમકક્ષ નથી બનાવતાં?

હાલમાં જ મુર્તિએ પોતાના ૧૨૬ કરોડ રૂપિયા પોતાના ૫૪,૦૦૦ કર્મચારીઓમાં વહેંચી દીધા. લોકો માટે જેમ ગાંધીજીએ કપડાંનો ત્યાગ કર્યો હતો એમ જ. આવા મોર્ડન ગાંધીની આજે દેશને જરૂર છે. આ ગાંધીની અમેરીકાએ પણ હાલમાં કદર કરી, નાસ્ડાક સ્ટોક એક્ષચેન્જ ને રોજ શરૂ કરવા માટે એક બેલ રોજ વગાડવામાં આવે છે. આ બેલ અમેરીકા સિવાય દુનિયામાં પ્રમથ વખત એક બહારની વ્યક્તિએ, અમેરીકાની બહારથી એટલે કે બેંગ્લોરથી વગાડીને અમેરીકન સ્ટોક એક્ષચેન્જનું સર્વોત્તમ સન્માન મેળવ્યું. કોણ કહે છે આજે ગાંધીજીને લોકો ભુલી ગયા છે?

**- નિખિલ પરીખ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો – મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪

# મમૈ : વાંશો જીવ લોક।

મમૈ : વાંશો જીવ લોકે। આ ઉક્તિ પ્રભુજીના સ્વમુખે બોલાયેલી છે. હર જીવંત સૃષ્ટિમાં પ્રભુજીનો વાસ છે. ''કણ કણ મેં ભગવાન'', ''હર પલ્લવ પર પ્રભુ નર્તન કરે'', ''પાન પાન લિખ્ખા પ્રભુ તેરા નામ'' અને આ વાત તો નાના મોટા સૌ કોઈ જાણે છે. પરંતુ સૌ કોઈને બાળ કનૈયો અને એની લીલા જ વ્હાલી છે. બાળક નાનું હોય નિર્દોષ હોય, તેનામાં જરા પણ કટુતા, કપટ વસતા નથી. એવી જ રીતે નાનો બાળ કનૈયો બધાંને બહુ જ ગમે છે. આપણે સર્વે કનૈયાનું બાળ સ્વરૂપે જ પૂજન, સેવા, કરીએ છીએ અને મંદિરમાં બાળ સ્વરૂપ જ હોય છે. બાળ કનૈયા માટે દૂધ, દૂધઘર, માખણ, મીશ્રી, સૂકો અને લીલો મેવો તથા મગસ ધરાવીએ છીએ.

''ગૈયન બીચ ગ્વાલ ભયો, માત જશોદાકે ઘર દહી, મખ્ખન સોં માટ ભર્યો'' ''મારા લાલાને માખણ ભાવે રે.......''

માખણનું બીજું એક નામ છે નવનીત, શ્વેત રંગ, અને મૃદુ એવું માખણ, ફક્ત કનૈયાને જ ભાવે એવું નથી, બધાંને જ માખણ ભાવે, અને કનૈયો તો ગ્વાલ બાલ કાજે સીકકે મૂકેલી માખણની માટલી ફોકીને, ચોરી ચોરી ખવરાવતાં, આ લીલા પર તો કંઈક કિર્તનો ગવાયા છે. પરંતુ પ્રભુની હર લીલામાં ગહનતાનો અર્થ હોય છે. જોકે આજના બાળકોને તો પેશ્ચ્યુરાઈઝ બટર જ ભાવે, તેઓને તો ઘરનું વ્હાઈટ બટર દીંઠુય નથી ગમતું હોતું. આ વાત છોડી મૂળ વાત પર આવીશું.

કૃષ્ણ કનૈયાનું પ્રિય નવનીત, માખણ કેમ બને છે, એ પાઠની જેમ કદાચિત બાળકો બોલી જશે, અને રસોડાની રાણી કહેશે માખણ કાઢતાં તો સૌને જ આવડે, પણ પ્રોસીજર લેન્ધી છે. દૂધ ગરમ કરો, નવશેકું થાય એટલે મેળવણ નાખીને ઢાંકી રાખો, સીઝનલ ચારથી આઠ કલાકે દહી. રેડી થશે, આ દહીમાં નવશેકુ પાણી મીલાવી વલોવશો તો તેમાંથી માખણ છૂટુ પડશે, અને નવાઈની વાત તો એ છે કે અત્યાર સુધી અદૃશ્ય રહેલું માખણ હવે તમે તરતું જોઈ શકશો. એવી જ રીતે ઈશ્વર આપણી નજીક, આપણી અંદર જ છે અને એને દૃશ્યમાન કરવા માટે તમારે મનને મથીને મંથન કરીને માખણ તારવવાનું છે; અને પાણી પર લાકડુ તરે છે, એમ છાશમાં માખણ તરે છે, એટલે આપણે નવનીત સમ મૃદુ, એટલે કે તમારા સ્વભાવમાં નરમાશ, પોલાઈટનેસ આવે એ કેળવવાનું છે, વળી તેનો રંગ શ્વેત એટલે આપણું મન ઉજ્જવળ, સ્વભાવથી રીચનેસમાં રહેવાનું. ઈર્ષા અને કપટનો ભાવ નિર્મૂળ કરવાનો છે અને મનને શુધ્ધ પાણી જેવું નિર્મળ બનાવવાનુંકે જેથી આપણા હૃદયમાં જે શ્વેત રંગ એટલે કે નિર્મળતા કે તેમાં ડાઘ ન પડે આપણા ચરીત્રમાં, વળી જેટલું માખણ હલકું છે જે છાશ પર તરતું રહે છે. એવી જ રીતીએ મનને હળવું, લોભ, મોહ માયા રહિત બનાવવાનું રહેશે. આમ નવનીત તો લાલાને અતિ પ્રિય છે. અને આ લેન્ધી પ્રોસીજરથી જેમ તરતું થાય છે એજ રીતે આપણે આપણા જીવનને મથીને નવનીત સમ મૃદુ, સ્વેત, હલકું, તથા સ્નિગ્ધ બની રહે એ જોવાનું છે અને એમાંજ આપણા જીવનની સાર્થકતા છે અને પ્રભુજીના પ્રિયકર બનવાનું છે. બીજાને આનંદ આપીએ એજ એક ગુણ કેળવવાનો છે. આપણે જ આપણા નિયતીકર બની રહેવાનું છે. ઈશ્વર તો કશું જ કરતો નથી તમે જ તમારા જીવનના શીલ્પી, નિયતીકર બની રહો એવું જ તમારું હૃદય અને મન, શરીર નવનીત સમ બની રહે એ માટે બીજા ને કંઈ રીતે આનંદ આપી શકીએ; અને આમાં તો ઘણું બધું જ આવી જાય છે, તમારા કર્મ સારા, ખોટા, પ્રભુએ તોલવાના હોય છે. અને એ રીતે કંઈ સુખ

દુખ આવે તો દોષ પ્રભુનો નહી. તમારા જ કર્મનો છે. માટે નવનીત પ્રિય લાલાને મળવા માટે નવનીત બનવું પડશે.

''મમૈઃ વાંશો જીવ લોકે'' અને એટલે જ આ ઉક્તિને આપણે જીવનમાં કેળવવાની છે. દરેકના જીવમાત્રના શરીરમાં પ્રભુ વસેલો છે. અને પ્રભુની સાચી સેવા, આરાધના કરવી હોય તો બીજી કોઈ રીત નથી જ, ફક્ત બીજી જીવંત વ્યક્તિને આનંદ આપો. એટલે કે તેમના જીવનમાં દુખ હોય. તેમને રહેવાને ઘર ન હોય તો ઘર, સુલભ સૌચાલય, દવા, દૂધ, અનાજ, દરેકમાં જોઈતી જરુરીયાતના પૂરક બની રહો. આપેલું તો ઈશ્વરનું જ છે અને તે પણ કર્માનુસાર, તો હવે પછી પણ સારા કર્મો કરી તમારી નિયતીને તમે જ ઘડો. આ પૂણ્યાઈથી તમારું જીવન સુખદ, નવનીત સમ, મૃદુ, હળવું, સ્વેત અને સ્નિગ્ધ બની રહેશે અને તો જ લાલો તમારી પાસે દોડતો આવશે જ આવશે. વસુદૈવ કુંટુબકમની ભાવના થી જ લાલો દોડતો આવશે. આપણે જ આપણા શીલ્પી બનવાનું છે. આપણને ઘર, કુંટુંબ, સુખ, સુવિધા મળી છે તે મમૈઃ વાંશો જીવ લોકે! બીજાને થોડી મદદ આપી આનંદ આપો. એજ સાચી સેવા અને આરાધના છે. ''મારા લાલાને માખણ ભાવે રે......''

રોજ કથા સાંભળવા જાય, રસપૂર્વક સાંભળે પરંતુ હૈયામાંથી નવનીત બહાર નથી આવતું, મોઢામાં શેર સાકર હોય. પણ હૈયું મલીન, મથરોટી મેલી. સત્સંગ કરાવનાર પણ આમાંથી બાકાત નથી રહેતાં. મોઢાંમાંની કળવાશ દૂર કરો. કોઈનું દીલ દુભાય, કોઈનો નિસાસો પડે એવું વર્તન તમારા જ જીવનને કલુષિત બનાવે છે. બીજાને સત્સંગ કરાવનાર પોતાનું આસન ડોલાયમાન રાખે છે. અને એ જ કટુતાને બહાર કાઢી સરળતા, મૃદુતા,મીતભાષી બનવાની જરુર છે. દુનિયા ઘણી વિશાળ છે ક્યાં ક્યાં પહોચીએ? અરે ''તું આપ'', ''હું આપુ'' આ બધું છોડીને કોઈ એક કુટુંબનું રહેઠાણ વસાવીએ, કપડાં, અનાજ, આપીએ તો પણ ઘણુ ઘણુ છે. વધુ બટોરવાની જરુરત નથી. ખરા મનથી કરેલી આ પૂણ્યાઈને પ્રભુ જરુરથી કબુલ કરે છે. બસ તો બીજાને આનંદ થાય એવું કાર્ય કરો, નવનીત સમમૃદુ, સરળ, સ્નિગ્ધ, શ્વેત, નિર્મળ અને પ્રભુજીને પ્રિયકર એવું માખણ તેમને જમાડો, લાલો તમારોજ તમારો જ થશે, તમે જ તમારી નીયતીના શીલ્પી બનો ''આનંદ મંગલ હરિ વિઠ્ઠલા''....હરિ વિઠ્ઠલા.....નવનીત પ્રિય પ્રભુજી માટે મનનું મંથન કરી નવનીત તરતું કરો ને લાલાને માખણ ખાવા બોલાવો મીશ્રી જેવા મીઠા બની બીજાને આનંદ આપો........વળી લાલાની બીજી લીલાઓ જોઈએ. કૃષ્ણ નામ તેનું ઈતિ આકર્ષયતિ. તેનું બધું જ વાંકુ. વામ ભુજા વાંકી કરી તે આપણને તેમની પાસે બોલાવે છે. તેમની સુંદર, સુરીલી, મધુર વાંસળી પર દુનિયાને ડોલાયમાન બનાવે છે. ઈતિ દુનિયાની હર જીવંત સૃષ્ટિમાં વાંસળીમાં ફૂંક મારીને આપણા, હર જીવનને બ્લો અપ કરે છે. એટલે કે તેની ફૂંકથી આપણા, દર જીવંત પ્રાણી, પશુ, પંખી, મનુષ્ય સર્વેમાં શ્વાસ ભરે છે. અને એ નક્કર અને સત્ય હકિકત છે. વળી એની (વાંસળીની) ફૂંક બંધ થાય કે આપણે પ્રાણહીન, નિશ્ચિત બની મૃતપ્રાય થઈએ છીએ. માટે વિચારો કે ઈશ્વર વિના આપણે શૂન્યજ છે એ આપણી અંદર છે. આપણા હૃદયમાં જ છે, માટે સેવા કરો, તો જીવતાં જનની કરો. કે જેમાં પ્રભુ વસેલો છે. વળી તેમને ગ્વાલ બનીને બધાંને બતાવ્યું કે કોઈ કામ નાનું નથી. ચાહે ચરવા બનો, નાનમ છોડી કામ

એ કામ છે, આપણું છે આપણા માટે છે એ જ વિચારો અને વહેલાં ઉઠવાનો પણ આમાં બોધ સમાયેલો છે. પ્રાતઃકાલે વેહલા ઉઠવાથી શરીર નિરોગી સ્વસ્થ રહે છે. હજુ એક વાત તેઓ અર્જુનના સારથી બન્યા, આપણા પણ જીવન રથના સારથી સુકાની પ્રભુજી જ છે. અને એ  એકદમ સાચું છે. આપણી હરક્રિયા તેની લીલામાંજ સમાય છે; આપણને સુવાડે, ચલાવે, બોલાવે, જમાડે, કે કામ કરાવે, ઈશ્વર આપણી સંગે છે જ અને છે જ , માટે બિભત્સ ગાળો ન બોલવાની, અપથ્ય આહાર એટલે કે માંસ, મદિરા, ગુટકા, વગેરે ન જ લેવાય. અને એથી જ આપણે ગળામાં તુલસીની માળા પહેરીએ છીએ, કે જેથી તેની યાદ અને એનું અસ્તિત્વ આપણી અંદર છે એ યાદ રહે. આમ પ્રભુને તુલસી પણ પ્રિય છે એક પત્ની રૂપે ગુણીયલ તુલસીને પ્રભુએ પ્રિયકર બનાવી છે. તુલસીના ઘણાએ ગુણ છે એમાંએ મોટો ગુણ એ હરપલ પ્રભુજીની યાદ આપે છે. આમ પ્રભુજીને શોધવા મંદિરોમાં જવું પડે કે .....? એ તમે જ વિચારજો ''મમૈઃ વાંશોજીવ લોકે''.......સર્વ જીવન સૃષ્ટિમાં, ચરાચરમાં વસેલા પ્રભુને બોલાવવા બીજાને આનંદ આપો, મદદ કરો......લાલો તમારો જ છે......

✤✤✤✤✤

# આમંત્રણ

## બાલાસિનોરમાં ''શ્રીમદ ભાગવત મહાત્મ્ય'' વિષય પર આધ્યાત્મિક ચિંતનીય પ્રવચનો

ગુજરાતની પ્રજા જેઓશ્રીના નામથી સુપરિચિત છે તેઓ પ.પૂ. સ્વામી શ્રી વિદિતાત્માનંદ સરસ્વતીજીનાં ''શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય'' વિષય પર આધ્યાત્મિક ચિંતનીય પ્રવચનોનું તા. ૨૪ થી ૨૬ ઓક્ટો. ૨૦૦૬ - (સંવત ૨૦૬૩ ના કારતક સુદ ૨ થી ૪) (ભાઈબીજ થી ચોથ) શ્રી ઔદુંબરની વાડી, પટવાશેરી, બાલાસિનોરનાં આંગણે, આર્ષવિદ્યાલયનાં આયોજકો દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

પૂર્ણાવસ્થામાં અમેરિકામાં ઈજનેર તરીકે ઉજ્જવળતા, તેજસ્વિતા ધરાવનાર પૂ. સ્વામીજી પ.પૂ.શ્રી. ચિન્મયાનંદ સરસ્વતીજી દ્વારા પ્રેરિત થઈ, સાંદિપની સાધનાલય પવઈ, મુંબઈમાં જોડાયા. પ. પૂ. સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીજીનાં-(જેઓશ્રી હાલમાં આર્ષ વિદ્યાલય ગુરૂકુલ, કોઈમ્બતૂર સંસ્થાના સંસ્થાપક છે) શ્રી ચરણે પરંપરાગત પ્રણાલીથી  ઉપનિષદે, શ્રીમદ્ ભગવદ્ ગીતા, બ્રહ્મસુત્રનું  ગહન અધ્યયન કર્યું. હાલમાં અમદાવાદમાં, થલતેજમાં ''અધ્યાત્મ મંદિર''ના ઉપક્રમે ''તત્વતીર્થ'' આશ્રમમાં તેઓશ્રી આચાર્યપદે કાર્યશીલ છે.

પૂ. સ્વામીજી શાસ્ત્રનાં અધ્યયન-અધ્યપનને જ વરેલા છે. પ્રેમ અને પવિત્રતા, જ્ઞાન અને વૈરાગ્ય, તપ અને આત્મજ્ઞાન દ્વારા જન્મતી અખૂટ શ્રધ્ધાએ તેઓશ્રીને લબ્ધ પ્રતિષ્ઠિત વિદ્વાન મહાત્માનું સ્થાન અર્પ્યુ છે.

સત્સંગના માધ્યમથી જ્ઞાન, પ્રસાર-પ્રચારનું કાર્ય આપણી સનાતન સંસ્કૃતિના સંવર્ધનાર્થે, શાસ્ત્રને આચરણમાં મૂકીને તેઓશ્રી કહી રહ્યાં છે.......ૐ

**દિપાવલીના શુભ અવસરે આપ સૌ ને બાલાસિનોર પધારી આ ચિંતનીય પ્રવચનો નો લાભ લેવા ખાસ આમંત્રણ છે.**

# SHRI BALASINOR NAVYUVAK SANGH
# INDOOR GAMES YEAR 2005-2006

## Name of the Games -

A. Carrom - Single
B. Carrom Jumbles
C. Carrom Mix Double
D. Carrom Super hit Muquabala
E. Chess
F. Badminton
F. Table Tennis

1. In Game **SUPER HIT MUAUABALA** Male / Female can choose their Mother or Father as their partner.
2. In Game **MIX DOUBLE** Male / Female can choose Ladies / Gents as partners other then their own family.

## RULES & REGULATIONS

1. Rs. 5/- per game per person will be charged, which will be refunded on the day of the event. No refund will be given to absentees, which please Note.
2. Forms for the games will be Issued / Accepted at the Navyuvak Sangh's office.
3. The convener will have the right to change the rules & regulations or to cancel the same.
4. Forms will be accepted till the start of that particular Game.
5. Games will commence on 3rd September 2006, Sunday sharp at 9.30 hrs at Navyuvak Sangh's office.
6. Those who are interested in taking part in the above games can also inform Shri Ajit Modi Tel.: 22090151, 9869029486 OR Shri Nilesh Parikh Tel.:65250229, 9223276964.
7. All are requested to submit their forms duly filled in at the earliest. If required multiple copies can also be taken of the forms and can be submitted. Forms will also be accepted by post. (Management is not responsible for the non receipt of the forms and or late receipt of the forms by post)

## SCHEDULES OF GAMES

| | | | |
|---|---|---|---|
| 1. | Carrom Single | (Junior below 16 years) | 9.30 a.m. on 03/09/06 |
| 2. | Carrom Single | (Senior) | 12.00 p.m. on 03/0906 |
| 3. | Carrom Double | (Jr.) | 9.30 a.m. on 10/09/06 |
| 4. | Carrom Double | (Sr.) | 12.00 p.m. on 10/09/06 |
| 5. | Carrom Single (Ladies) | | 9.30 a.m. on 17/09/06 |
| 6. | Carrom Mix Double | | 12.00 p.m. on 17/09/06 |
| 7. | Carrom Superhit Makabala | | 9.30 a.m. on 24/09/06 |
| 8. | Chess for Jr. & Sr. *Saturday) | | 7.300 p.m. on 29/0906 |
| 9. | Badminton and T/T | | 12.00 p.m. on 30/09/06 at P.M. Bath (Chawapaty) |

**Note : All the Participant will be given a soft drink in each Game prticipated**

***Convener: Ajit N. Mody - Mantree: Pradeep Kadakia***

# SHREE BALASINOR NAVYUVAK SANGH

118/120, Ardeshar Dadi Street, V. P. Road, Mumbai - 400 004. **Ph : 2388 7006**

## ENTRY FORM

## "Indoor Sports"

DATE ________________

Sr. No.____________

Vastipatrak Sr. No. ________________

Participant's Name ____________________________________________________________

Father/Husband's Full Name ____________________________________________________

Address ______________________________________________________________________

______________________________________________________________________________

Age _____ Birth Date __________ Phone Resi. ___________ Off. __________ Mobile ____________

| Group | Sl. No. | Name of Game | Entry Fees |
|---|---|---|---|
| | A | | |
| | B | | |
| | C | | |
| | D | | |
| | E | | |
| | F | | |
| | G | | |

(I am interested in participating in above games & herewith enclosing entry fee.)

**Gardian's Singnature** **Participant's Signature**

Note : 1) Guardian's Signature is only for participant's age below Sixteen years (inclusive)
2) Incomplete forms will not be accepted.
3) It is COMPULSORY to mention Vastipatrak No.

Note : 1) Forms will be accepted at Balasinor Navyuvak Sangh's Office
2) Participant above eighteen years should be member of Balasinor Navyuvak Sangh

..........................................................................................................................

Sr. No.________________________ Date _________________

Participant's Name ________________________________________________________

Name of Games | A | B | C | D | E | F | G | SL. No. _________ Fee _______ Received

Receiver's Signature ______________________

# બાલાસિનોર નાગરિક સહકારી બેંકની સ્થિતિ સદ્ધર

બાલાસિનોર નાગરિક સહકારી બેંક લી. બાલાસિનોરે તા. ૧૫-૭-૧૯૬૮ થી ૩૬ વર્ષ સુધી પ્રગતિના સોપાન સર કરેલા છે. ૩૬ વર્ષ સુધી બેંક નફામાં રહી છે. જેને કારણે અન્ય બેંકોની સરખામણીમાં રિઝર્વ બેંકના નિયંત્રણ હેઠળ સભાસદોને ડીવીડન્ડ તથા થાપણદારોને ઉચા વ્યાજ ચુકવેલ છે.

રીઝર્વ બેંકના આદેશ અનુસાર બેંકને ગવર્નમેંન્ટ સીકયોરીટીઓમાં ફરજીયાત રોકાણ કરવું પડે છે. આ સરકારી જામીનગીરીઓના ભાવોમાં છેલ્લા ૨ વર્ષથી સતત ઘટાડો થયેલ છે. અને આવા ઘટાડાની રકમોનું પ્રોવીઝન વર્ષાન્તે સરવૈયામાં લેવામાં આવે છે.

રીઝર્વ બેંકના આદેશ અનુસાર કર્મચારીઓને મળવા પાત્ર ગ્રેજયુઈટી તથા લીવ એન્કેશમેન્ટનું પ્રોવીઝન કરેલ હોઈ છેલ્લા ૨ વર્ષથી બેંકને ખોટ દર્શાવવી પડી છે.

બેંક પાસે તા.૩૧-૩-૨૦૦૬ના રોજ કુલ ડીપોઝીટ રૂ. ૨૧, ૩૪, ૩૨, ૨૪૨ છે. અને ધિરાણ રૂા. ૧૬, ૨૨, ૮૨, ૩૩૮ છે. બેંકના રોકાણો રૂા. ૧૨, ૬૦, ૮૮, ૫૮૭ છે. જયારે ફંડો રૂ. ૯, ૭૪, ૨૧, ૦૮૪ છે.

બેંક ડીપોઝીટ ઈન્સ્યોરન્સ સ્કીમ હેઠળ વિમા પ્રિમિયમ રેગ્યુલર ભરે છે. જેથી થાપણદારોની એક લાખ રૂપિયા સુધીની વ્યક્તિગત થાપણો સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાયેલ છે. બેંકની તા. ૩૦ જુન ૨૦૦૬ ના રોજ સામાન્ય સભા ઘણી જ વિશાળ સંખ્યામાં મળેલી જેમાં બાલાસિનોર મત વિસ્તારના ધારાસભ્યશ્રી, બાલાસિનોર નગરપાલિકાના પ્રમુખશ્રી તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બે કલાક ચાલેલી સામાન્ય સભામાં બેંકની કાર્યવાહીની મુકત મને ચર્ચા-વિચારણા કરવામાં આવેલી. તથા દરેક સભાસદોએ સંતોષ વ્યકત કરેલો. ત્યારબાદ સભાનું વિસર્જન થયેલું.

બેંકની ૩૮ વર્ષની કારકીર્દી દરમ્યાન રિઝર્વ બેંકના નિયમાનુસાર બેંકનું સી.આર..આર.., તથા એસ.એલ.આર.. સતત જળવાય છે. બેંક હાલમાં પુરતી આર્થિક સધ્ધરતા ધરાવે છે. કેટલાક અસંતુષ્ટો બેંકને તોડવા માટે ખોટી માહિતી આપી થાપણદારો / સભાસદોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. જેની દરેક થાપણદારો તથા સભાસદોએ નોંધ લેવા વિનંતી છે.

***ચેરમેન - મણીકાંત છોટાલાલ ધારીયા***
***સંચાલક મંડળના આદેશથી***


।। શ્રી ગોકુલેશો જયતી ।।



**શ્રી ગોવિંદ જયોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# શ્રી સુરેન્દ્ર શાહની નેશનલ એકેડમી ઑફ એન્જીનીયરીંગ અમેરીકામાં નિમણુંક



**Dr. Surendra P. Shah**

Dr. Surendra P. Shah (son of Poonamchand Chandulal Shah (wagh Kadakia)) Elected to National Academy of Engeneering U.S.A

Seven renowned engineering leaders of educator of South Asian origin residing in the United States and one in India, were last week elected member of the national academy of Engineering in the U.S.

The new members of Indian origin Dr. Surendra P. Shah Walter P. Murphy professor, department of civil and environmental engineering and director, Center for Advanced Cement-Based Materials, Northwestern University, Evanston, IL, for 'work on advanced cement-based material and for promoting interdisciplinary research and education on concrete material.'

Dr. Surendra P. Shah is a noted expert in science and engineering of concrete materials. Since its inception in 1989, Shah has been director of the center for advanced Cement based Materials, a National science Foundation science and Technology Center based at Northwestern that conducts multidisciplinary research in conjunction with other institutions.

He has done pioneering research in fiber - reinforced concrete, high-performance concrete and fracture mechanics of quasi-brittle materials. His research involves connecting microscope behavior to the structural response of concrete. Such bridging of scales is important in developing improved materials, which are tougher, greener and more durable. He has also developed innovative nondestructive tools, such as Electronics Laser Speckle Interferometry and digital Image Correlation, to detect fracture in concrete materials.

He is affiliated with the university's infrastructure technology institute where his work has focused on nondestructive testing and evaluation of various properties of concrete including ultrasonic testing of concrete strength.

He was a visiting professor at Massachusetts Institute of Technology, Delft Technical University, University of Sydney and University of Singapore and is currently an Honorary Professor at Hong Kong polytechnic University. He received the senior Visiting scientist award from the Alexander von Humboldt Foundation in Germany and was a NATO visiting senior scientist to France and Turky.

Shah who joined the Northwstern faculty in 1981 also has received prestigious awards from professional societies incljuding the American concrete Institute, the American society of civil engineers, RILEM and the American society for testing and materials. He has authored more than 400 publecations and is co-author of three books and co-editor of 20 symposium volumes.



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

આપણો ગત કાર્યક્રમ એટલે આપણી લાગણીઓને સ્પર્શતો વિષય! થોડીક ખુશી અને થોડાક ગમની પળોમાં માણેતો નાટક

''શ્રીમતી સમજે તો સારું'' સ્ત્રી હોય કે પુરુષ માનવવૃત્તિઓ સામાન્યપણે લગભગ સરખી જ હોય છે. નાટકમાં થોડીક સચ્ચાઈઓ પણ હતી અને થોડીક કલ્પનાઓ પણ હતી. રંગમંચ પર દર્શાવવામાં આવતી દરેક હકીકતો બધાને લાગુ પડતી નથી હોતી. પરંતુ નાટકમાં હાજર આપણા ભાઈ-બહેનોમાંથી કદાચ ઘણાને લાગુ પડતી હોઈ શકે. સમાજમાં જાગૃત વ્યક્તિઓએ ખૂબ જ બારીકાઈથી કરેલ નીરીક્ષણ પ્રત્યે ધ્યાનથી વિચારવું ખુબ જ જરૂરી છે.

આવનાર અનેક વર્ષો સુધી કદાચ જ્યાં સુધી હિન્દુ ધર્મ રહેશે ત્યાં સુધી શ્રાવણમાસ સાથે કૃષ્ણનું નામ સંકળાયેલુ રહેશે. શ્રાવણમાસ એ કૃષ્ણ જન્મનો મહિનો છે. કૃષ્ણ એ તો મહામાનવ જ નહી પરંતુ યુગપુરષ પણ હતા. આ બધી વિગતો ધ્યાનમાં રાખીને આગામી કાર્યક્રમ કૃષ્ણભક્તિના ગીતો રૂપે રાખવામાં આવ્યો છે.

**સ્થળ** : ગીતા મંદીર, ભારતીય વિદ્યાભવન, ચૌપાટી
**તારીખ** : ૨૨.૮.૨૦૦૬, મંગળવાર
**સમય** : ૨.૩૦ થી ૫.૦૦

કૃષ્ણભક્તિના ગીતો આપણે ચેતન ગઢવી અને તેમના સાથીદારો સાથે માણવાના છીએ. આ માટેના પાસ રૂા. ૧૦/- કોઈપણ કમીટી બ્હેનો પાસેથી મેળવી લેવા અથવા ૧૮મી ઓગસ્ટે શુક્રવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦માં સંસ્થાની ઓફિસમાંથી મેળવી લેવા.

આપ બહેનોમાંથી જે કોઈ બહેનોને સમીતીના સભ્ય તરીકે નિસ્વાર્થ સેવા આપવાની ઈચ્છા હોય તેમણે તેઓના નામ કોઈપણ કમીટી બહેનોને અથવા સંયોજક નીના કડકીઆને ૧૮મી ઓગસ્ટ પહેલા લખાવી લેવા એ પછી કોઈપણ બહેનોના નામ નોંધવામાં નહીં આવે.

આપે જો આપનું ચાલુ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦/- ન ભર્યું હોય તો ૩૧ ઓગસ્ટ સુધી ભરી દેવા વિનંતી છે.

***સંયોજક - નીના કડકીઆ***

***ફોન : ૨૩૬૭૪૨૦ - ૯૮૨૦૨૭૭૭૮૯***




।। જય જય શ્રી ગોકુલેશ ।।

**ફોન : ૨૩૬૭ ૩૪૯૯**
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

**ગોપાલ જયંતિલાલ ભટ્ટ** (ગોર)

**(જ્યોર્તિવિદ-મુંબઈ)**
**Sankalp Astrologist & Palmist**
તથા

**દક્ષેષ ભટ્ટ**

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૬, ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર
ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯

## શંકા

શંકા જીવનમાં આવી, નિંદર ખળભળી ઉઠી,
સંસાર અસાર બનાવી, તિરાડ જીંદગીમાં લાવી.......(૧)

શંકાનું ભુત શોધતો રહ્યા નિંદર છીનવાઈ ગઈ
રાત'દી ઉજાગરા કરતો રહયો,
જીવતર બન્યું ધુળધાણી...... (૨)

સરસ મજાના સંસારમાં, કોણે પલીતો મુક્યો
મનનો કીડો સળવળ્યો, સંસાર ઉણે બાળ્યો.... (૩)

ના દવા, ના ઈલમ, સતત બળતું રહયું જીવન
ભડ ભડ બળતા સંસારમાં, વગર અગ્નિએ દાઝયો,
તણખલા ઉડતા રહ્યા, જીંદગી રાખ બની, હાર્યો..... (૪)

*'ચાંદશા', ચંદ્રકાંત શાહ (ચટઈ)*

## માનસી સેવામાં તારે ચરણોંકી દાસી

ગોવર્ધન ગીરીવર ધાંરી ગિરીધારી
ભક્તનકી ભીર તુંને જાણીરે જાણી
એસો સનેહી જાઊં વારીવારી.... ગોવર્ધન ગીરીવર
કરું મંગલા આરતી તારી
ધરું કલેવા મખ્ખન મિશ્રી
ધરું કઢેલા દૂધ કટોરી...... ગોવર્ધન ગીરીવર
શ્રીંગાર સજાવું ભૂષણ ભારી
પાઘ કેસરીયા જામો જરકસી
પ્રેમે નિરખુ સુરતી તારી...... ગોવર્ધન ગીરીવર
હુંછુ પ્રેમ પૂજારીન તારી
અવિનાશી તારે ચરણોંકી દાસી
ગાઉં બલીહારી દિનન રાતી...... ગોવર્ધન ગીરીવર
ગોવર્ધન ગીરીવર ધારી ગિરીધારી.......

*- ઉષા એસ. ધારીયા*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (ઉપનગર વિભાગ) યોજે છે

# દાંડિયા રાસની રમઝટ

**તારીખ : ૧૦.૧૦.૨૦૦૬ને રવિવાર : સમય સાંજે ૫.૩૦ કલાકે**

**સ્થળ :** રંગોલી ગાર્ડન હોલ, મ્હાત્રે વાડી, હરીદાસ નગર, સોની ટાવર પાસે, કોરા કેન્દ્ર રોડ, બોરીવલી (વે), મુંબઈ - ૯૨

દર વરસની જેમ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી દાંડિયા રાસ રમાડવામાં આવશે. સાંજે ૭.૦૦ વાગ્યા પછી આવનારને રમવાનો બેચ આપવામાં આવશે નહી. માટે સમયસર હાજર રહેવા વિનંતી.

